**રે.દી.મુ.નંબર–૬૨/૨૦૨૫**

**પ્રતિવાદી ની આંક–૧૬ ની ઓર્ડર–૦૭, રૂલ ૧૧ ની અરજી તળે હુકમ**

(૧) પ્રતિવાદી તરફે અરજી આપી જણાવેલ છે કે,વાદી ના દાવા અરજી ના પેરા નંબર–૧ મા જણાવેલ દાવાવળી જમીનો અમો વાદીઓની સગી માતા/દાદી રામકન્યા પિતાબંરદાસની માલીકી કબજા ભોગવટાની હોય અને તેઓનુ નામ રેવન્યુ રેકર્ડમા ચાલતુ હોય, જેથી તેઓ પાસેથી તે જમીનો કચરાબેન તે રામકુષ્ણ સીતારામની ધણીયાણી કે જેઓ ખેડુત ન હોય કે ખેડુતની દીકરી ન હોવા છતા ખોટી રીત ના તે જમીનો ખરીદ કરેલ તેમ છતા તે વેચાણ અંગેની નોધ રેવન્યુ નોધ રેવન્યુ રેકર્ડ મા ફેરફાર નોધ નંબર–૪૦૪, તા ૦૮/૦૩/૧૯૭૦ થી પાડવામા આવેલ. પરંતુ કાયદામા ફરમાવેલી જોગવાઈઓ મુજબ ખેડુત વ્યકિત જ ખેતીની જમીન ખરીદ કરી શકે બીનખેડુત ખેતીની જમીન ખરીદ કરી શકે નહી. જેથી સદર દાવાવાળી જમીનો ખરીદ કરનાર કચરાબેન તે રામકુષ્ણસીતારામની ધણીયાણીએ જયારે જમીનો ખરીદ કરી ત્યારે તેઓ જાતે ખેડુત હતા જ નહી કે ખેડુતની પુત્રી હતા જ નહી તેમ છતા તેઓએ ખોડા પુરાવાઓ ઉભા કરી પોતે ખેડુત છે તેમ દર્શોવેલ અને તેવી ખોટી હકીકતો જણાવી વેચાણની ફેરફાર નોધ નં–૪૦૪, તા ૦૮/૦૩/૧૯૭૦ ના રોજની નોધ તા ૧૩/૦૫/૧૯૭૦ ના રોજ પ્રમાણીત કરાવેલ છે અને તે નોધંના આધારે દાવાવાળી જમીનોના રેવન્યુ રેકર્ડ મા તેમનુ નામ દાખલ થયેલ છે. અને તેની સાથે સાથે વાદીએ પોતાના દાવા સાથે નિ–૪/૧ થી ૪/૫ રજુ કરેલા દસ્તાવેજને વંચાણે લેતા તેવા દસ્તાવેજોમા વાદીએ પોતે જણાવેલ તા ૨૧/૦૨/૧૯૭૦ ના રોજ ના કાયદેસરના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજની નોધ નંબર–૪૦૪ આધારે તમામ સરકારી રેકર્ડ ઓફ રાઈટસ મા અમો પ્રતિવાદીઓ ના નામો માલીક કબજા ભોગવટેદાર તરીકે નોધાયેલ છે અને આમ વાદી પોતે સારી રીતે જાણે છે કે, દાવાવાળી જમીનના તમામ સરકારી દફતર ઉપર કાયદેસરના માલીક કબજા ભોગવટેદાર અને ખેડુત ખાતેદાર તરીકે અમો પ્રતિવાદીઓના નામો ઘણાબધા વર્ષો થી અવિરત પણે ચાલતા આવેલા છે અને તે મુજબ ના જાણકાર વાદીએ દાવાવાળી મીલકત ના કાયદેસરના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ આધારેના દસ્કાઓ જુના અવિરત માલીકી કબજા

ભોગવટા અને ટાઈટલ વિરૂધ્ધ કોઈ દાદ માંગેલી નથી એટલે કે વાદીએ તેઓના દાવા અરજ ના પેરા નં–૩ મા જણાવેલા અમારા કાયદેસરના રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ ને રદબાતલ ઠેરાવ્યા સિવાય પોતાને દાવા અરજના પેરા નંબર–૭ મુજબ વિરૂધ્ધ કબજાથી માલીક અને કબજેદાર બનેલા છીએ. તે મુજબની રજુઆત આધારીત તમામ દાદ માંગેલી છે.

(૧.૧) વધુમા પ્રતિવાદી જણાવે છે કે, કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર વાદીએ દાવા ના કામે દાવા માટેનુ કોઈ કારણ સ્પષ્ટપણે જણાવેલ નથી અને વાદીએ પોતાના દાવાના કામે કરેલ તમામ રજુઆતો તથા દાવાના આધારે માટે આંક–૪ ના લીસ્ટની રજુ કરેલા દસ્તાવેજી પુરાવાઓને ધ્યાને લેતા કોઈ પણ પ્રકારે વાદીએ અમો પ્રતિવાદીઓના વાદીએ વર્ણન કરેલા સને ૧૯૭૦ ના વેચાણ દસ્તાવેજ બાદ તેઓનો કબજો અને ખેડહકક ચાલતો હોવા બાબતના કોઈ પુરાવા રજુ કરેલા નથી અને કોઈ સ્પષ્ટ આધાભુત વિગત પણ જણાવેલી નથી. ઉલટ વાદીનુ નામ કોઈ પણ પ્રકારે દાવાવાળી મીલકત મા ઘણા વર્ષો થી ચાલતુ આવેલુ નથી તે હકીકત વાદીએ પોતે રજુ કરેલા પુરાવા ઉપરથી સ્પષ્ટ થઈ શકે તેમ નથી અને વાદીએ પોતાના દાવામા માત્ર કાલ્પનીક ધોરણે અમો પ્રતિવાદી બીનખેડુત હોવાથી (પ્રતિવાદી ના દાદી બીનખેડુત હોવાથી) ખેતીની જમીન ખરીદ કરી શકીએ નહી તે મુજબની આધાર વિનાની રજુઆત કરેલી છે અને માત્ર આ મુજબની રજુઆતના કારણસર વિષયવાળા તા ૨૧/૦૨/૧૯૭૦ ના રોજ ના રજીસ્ડે વેચાણ દસ્તાવેજમા જણાવેલ વિગત મુજબ ખેડુત ખાતેદાર માલીકે અવેજ સ્વીકારીને વેચાણ રાખનારને ખેતીની જમીન સ્થળ ઉપર પ્રત્યક્ષ માલીકી કબજા ભોગવટામા સોપેલી નથી તે મુજબ કોઈ પુર્વધારણા થઈ શકે તેમ નથી અને કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત અનુસાર મીલકતના ટાઈટલ સંબધી સરકારી દફતર ઉપર સને ૧૯૭૦ થી મોજુદ દસ્તાવેજ બાબતે વાદીએ આ અગાઉ અથવા હાલના દાવાના માધ્યમથી વેચાણ દસ્તાવેજ બીનઅમલી હોવા બાબતે અથવા રદબાતલ જાહેર કરાવી લેવા બાબતે કોઈ દાદ કયારેપણ માંગેલી નથી.જેથી માત્ર વાદીના ચતુરભાઈ ભર્યો પ્લીડીગ્સના આધારે વાદી દાવાવાળી જમીનના તા ૨૧/૦૨/૧૯૭૦ ના રોજ ના કાયદેસરના વેચાણ દસ્તાવેજને બીનઅમલી અને અર્થવિહન બનાવી

દેવાના હેતુથી જે દાદ માંગી રહેલા છે તે મુજબની વાદીની દાદ આપતા સામે સ્પષ્ટપણે લીમીટેશન એકટની જોગવાઈ ઓનો સીધો બાધ નડે છે.

(૧.૨) વાદીએ સને ૧૯૭૦ બાદ વર્ષો વીતી ગયા પછી અમો પ્રતિવાદીઓ ના વારસાઈ હકકે પ્રાપ્ત થયેલી અમારા કાયદેસરના માલીકી કબજા ભોગવટા અને ખેડાણમા ચાલી આવેલી મીલકત બાબતે આશચર્યજનક રીતે“ તમોને કબજામાથી હાંકી કાઢી જમીનો કબજો કરી લઈશુ તેમન જમીનો વેચાણ તબદીલ કરી દઈશુ” તે મુજબના વિધાનો આક–૦૪ ના લીસ્ટ સાથે કોઈ પણ પ્રકારના પુરાવાઓ રજુ કર્યા સિવાય માત્ર ચતુરાઈ પુર્વકના પ્લીડીગ્સના ભાગરૂપે કરેલા છે કારણકે જે વાદીને પોતાને દાવાવાળી મીલકતમા પડેલી તમામ નોધોની પુરી જાણકારી શરૂઆતથી જ છે અને તે મુજબ વાદીએ પોતે રેવન્યુ રાહે તે મુજબની નોધ પડકારેલ હોવાથી વિગત નિ–૪/૨ થી ૪/૫ ના ગામ નમુના નંબર–૭ ઉપર સ્પષ્ટપણે નાધોયેલ છે અને તેવા સંજોગોમા વાદી ખરી હકીકત મા હાલના દાવાના માધ્યથી તેઓએ જે તા ૨૧/૦૨/૧૯૭૦ ના રોજ ના વેચાણ દસ્તાવેજને નિ–૪/૨ થી ૪/૫ ના દસ્તાવેજી પુરાવાઓ અનુસાર આર.ટી.એસ. અપીલ નં–૨૫/૨૦૨૪ થી પડકારેલ હતો તે મુબજનો વેચાણ દસ્તાવેજ કાયદેસરનો હોવાનુ માનીને તેઓની અપીલ નામંજુર કરવામા આવેલી હતી અને તેથી વાદીએ ચતુરાઈપુર્વક તેઓએ પોતે રજુ કરેલા દસ્તાવેજી પુરાવઓમા આ મુજબની જે વિગતો સ્વયંસ્પષ્ટ થાય છે તેવી ખુબજ અગત્યની વિગતોને જાણીબુજીને ઈરાદાપુર્વક પોતાના દાવાને લીમીટેશન પીરીયડમા દર્શાવવા માટે ચતુરાઈપુર્વક સાતેક દીવસ ઉપર અમોને રૂબરૂ મળેલા ત્યારે જેવા વિધાનો દાવા અરજીના પેરા નંબર–૪ મા કરેલા છે.

(૧.૩) વાદીએ રજુ કરેલ નિ–૪/૨ થી ૪/૫ ના દસતાવેજમા નોધાયેલ અપીલ નંબર–૨૫/૨૦૨૪ થી વાદીએ પોતે કરેલ કાનુની કાર્યવાહી અને તે મુજબની કાનુની કાર્યવાહી કામે થયેલ હુકમાની વિગતોને છુપાવેલી હોવાથી વાદીના દાવને સમય મર્યાૈમા દાખલ કરી હોવાનુ માની શકાય તેમ નથી અને વાદીના દાવાને સ્પષ્ટપણે લીમીટેશન એકટ ની જોગવાઈઓનો બાધ નડે છે જેથી સી.પી.સી ઓર્ડર ૭ રૂલ ૧૧ ની જોગવાઈઓને વંચાણે લેવા સવિનય વિનંતી છે.

(૧.૪) આમ વાદીએ જયારે પોતે પોતાની દાવા અરજીના પેરા નંબર–૩ થી દાવાવાળી મીલકતનો વેચાણ દસ્તાવેજ તા ૨૧/૦૨/૧૯૭૦ ના રોજ કરી આપેલ હોવાનુ સ્વીકારેલ છે ત્યારે તે મુજબના વેચાણ દસ્તાવેજમા નોધાયેલ હકીકત મુજબ વેચાણ અવેજ ની લેવડ દેવડ તથા મીલતના પ્રત્યક્ષ સ્થળ ઉપરના માલીકી કબજા ભોગવટાના હસ્તાતરણ કયારેય થયેલ નથી તે મુજબની કોઈ વિગત દર્શોવેલ નથી ત્યારે વેચાણ દસ્તાવેજથી દાવાવાળી મીલકતના ખેડુત ખાતેદાર અને માલીક થયેલા પ્રતિવાદીઓના પુર્વેજ પાસેથી વાદીને અથવા વાદીના પુર્વેજ ને કઈ રીતે કઈ હેસીયતથી દાવાવાળી મીલકતનો કબજો પરત મળેલો હતો? તે સંબધે સમગ્ર દાવામા વાદીએ કોઈ રજુઆત કરેલી નથી એટલે કે વાદીના પ્લીડીગની ચકાસણી સમયે વાદીએ પોતાના દાવામા દાદ મેળવવા માટે જે રજુઆત કરેલી હોય તેની સાથે સાથે જે રજુઆત કરવાની આવશયકતા ફરજીયાત પણે હોય તે વી રજુઆત કરેલી છે કે કેમ? તે પણ ધ્યાન મા લેવા પાત્ર અગત્યની હકીકત છે. અને જયારે વાદીએ સમગ્ર દાવામા દાવાવાળી મીલકતનો સ્થળ ઉપર કબજો તેઓની પાસે કયારે અને કેવી રીતે આવેલો છે તે બાબતે કોઈ વિગત દર્શોવેલી નથી. આથી વાદીનો દાવો રદ કરવા અરજ કરેલ છે.

(૨) વાદી દવારા આંક–૨૧ થી પ્રતિવાદીની આંક–૧૬ ની અરજીનો જવાબ આપી જણાવેલ છે કે, સદર કામના વાદીઓએ હાલના દાવો વિરૂધ્ધ કબજાથી માલીક અને કબજેદાર બનેલા છીએ તેવી જાહેરાત મેળવવા તથા જાથુનો મનાઈ હુકમ મેળવવા માટે કરેલો છે, સદર દાવાવાળી જમીનો અમો વાદીઓના કબજા ભોગવટામા આશરે ૫૫ વર્ષે ઉપરાંથતી લાંબા સમયથી સતત ચાલી આવેલ છે. ધી લીમીટેશન એકટના આર્ટીકલ–૬૫ મુજબ ૧૨ વર્ષે કરતા વધુ સમયથી સતત અને નિરંતર કબજો ભોગવટો હોય તો વિરૂધ્ધ કબજાથી માલીક અને કબજેદાર બનેલા છીએ તેવી જાહેરાતનો દાવો કરી શકાય. અમો વાદીઓએ ધી લીમીટેશન એકટના આર્ટીકલ–૬૫ મુજબ જ દાવો કરેલો છે જેથી સદર દાવાને લીમીટેશન એકટનો બાધ નડતો નથી.

(૨.૧) કાયદામા ફરમાવેલી જોગવાઈઓ મુજબ સમય મર્યોદાનો મુદો હોય કે દાવાનુ કારણ હોય તે તમામ હકીકતો જયા સુધી રેકર્ડે ઉપર પુરાવો લેવામા ન આવે ત્યાં સુધી દાવા અરજી રદ થઈ શકે નહી.

કાયદામા ફરમાવેલ જોગવાઈઓ મુજબ આ પુરાવાનો વિષય છે અને તેમ છતા પ્રતિવાદીઓએ આંક–૧૬ થી ખોટી અરજી કરેલ છે. પ્રતિવાદીઓ સામે અમો વાદીઓએ કાયદેસરની દાદ માંગેલી છે. સી.પી.સી ઓર્ડર–૭ રૂલ ૧૧ (ડી) મુજબ પ્રતિવાદીઓએ જ આંક–૧૬ થી અરજી ।આપેલ છે તે ફકત લીમીટેશન મુદા ઉપર આપેલી છે તે તમામ હકીકતો ધ્યાને લેતા હાલના તબકકે અમો વાદીઓ સામે કોઈ નિર્ણય થઈ શકે નહી.પ્રતિાવદીઓની આંક'–૧૬ ની અરજી ની હકીકતો પુરાવાનો વિષય છે તેમજ અમો વાદીઓએ લીમીટેશન એકટમા આર્ટેકલ–૬૫ મુજબ હાલનો દાવો કરેલ છે તેમજ અમો વાદીઓએ લીમીટેશન એકટમા આર્ટીકલ –૬૫ મુજબ હાલનો દાવો કરેલ છે જેથી પ્રતિવાદીઓ એ તેમની આંક–૧૬ ની અરજી મા જે હકીકતો ઉપસ્થિત કરેલ છે તે પુરાવાકીય વિષય વસ્તુ ધરાવતી હોય, જેથી નામદાર સર્વોચ્ચ અદાલતે સીવીલ અપીલ નં–૩૫૦૦/૨૦૧૮ તા ૧૦/૦૪/૨૦૧૮ ના રોજ ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ હાલના તબકકે દાવો રદ કરતો હુકમ થઈ શકે નહી જેથી આંક–૧૬ ની અરજી રદ થવાને પાત્ર હોય જે રદ કરવા અરજ કરેલ છે. વધુમા વાદી જણાવે છે કે, સી.પી.સી ની ઓર્ડર ૭ રૂલ ૧૧ ની અરજીનો નિર્ણય કરતી વખતે વાદીની દાવા અરજી ની હકીકતોને જ ધ્યાને લેવાની હોય છે. સદર દાવા અરજીમા અમો વાદીએ દાવાનુ કારણ દર્શાવેલ હોવા છતા ખોટી હકીકતો રજુ કરીને આપ નામદાર કોર્ટ ને ગેરમાર્ગે દોરી રહેલ છે જેથી પણ પ્રતિવાદીઓની તકરાર કે વાદએ પોતાના દાવાના કામે દાવા માટેનુ કોઈ સ્પષ્ટપણે જણાવેલ નથી. વાળી હકીકત ટકવા પાત્ર નથી. નામદાર સર્વોચ્ચ અદાલતે કમરસિંગ વિરૂધ્ધ અમરતજીત સિંગ અને બીજા ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો મુજબ પણ હાલના તબકકે દાવો રદ કરતો હુકમ થઈ શકે નહી. જેથી પણ પ્રતિવાદીઓની આંક–૧૬ ની અરજી રદ કરવા અરજ કરેલ છે.

(૩) ઉપરોકત હકીકતો અને સંજોગોને ધ્યાને લેતા તથા બન્ને પક્ષકારોના વિ.વકીલ શ્રી ની દલીલો ધ્યાને લીધી,તથા દાવા અરજી અને તેની સાથે રજુ થયેલ દસ્તાવેજી પુરાવાને ધ્યાને લીધા.પ્રતિવાદી દવારા આંક–૨૪ થી લેખિત મા દલીલા કરવામા આવેલ છે જયારે વાદી દવારા આંક–૨૭ થી લેખિત દલીલો કરવામા આવેલ છે જે નામદાર કોર્ટ દવારા ધ્યાને લીધેલ છે, સૌ પ્રથમ

એ બાબત નોંધવી જરૂરી છે કે સિવીલ પ્રોસીજર કોડ ઓર્ડર ૭ રૂલ ૧૧ (એ) થી (ડી) ની અરજી નિર્ણીત કરતી વખતે ફકત દાવા અરજીના આક્ષેપ તથા તેના સમર્થેમના રજુ થયેલ દસ્તાવેજો ઘ્યાને લઈશકાય.પ્રતિવાદી નો બચાવ હાલના તબકકે ઘ્યાને લઈશકાય નહી. વાદીની દાવા અરજી વંચાણે લેતા વાદી જણાવે છે કે, દાવાવાળી જમીનો મુળ માલીક અને કબજેદાર અમો વાદીનં–૧ ના દાદી અને વાદી નંબર–ર ના પરદાદી નામે બાઈ આશા મુરલીઘરની વિઘવા હતા તેમનુ નામ દાવાવાળી જમીનોમા રેવન્યુ રેકર્ડમા ચાલતુ હતુ. બાઈ આશા મુરલીઘરની વિઘવા તા ૧૭/૧૧/૧૯૫૬ ના રોજ અવસાન પામતા, વારસાઈ અંગેની ફેરફાર નોઘ નંબર–૧૫૦, તા ર૧/૦૧/૧૯૫૭ થી સદર દાવાવાળી જમીનોના રેવન્યુ રેકર્ડ મા અમો વાદી નંબર–૧ ના માતા અને વાદી નંબર–ર ના દાદી રામકન્યા પિતાંબરદાસ વારડેનુ નામ માલીક અને કબજેદાર તરીકે દાખલ થયેલ અને દાવાવાળી જમીનો તેઓના પ્રત્યક્ષ કબજા ભોટવટામા ચાલી આવેલી અને અમો વાદીઓ ખેડુતા હતા અને ઉપજ મેળવતા હતા તેમજ દાવાવાળી જમીનો અમો વાદીઓના પ્રત્યક્ષ કબજા ભોગવટામા અમારી માતાના સમયથી ચાલી આવેલ છે. અમો વાદીઓની સગી માતા/ દાદી રામન્યા પિતાંબરદાસ તા ૦/૧/૦૧/૧૯૮૬ ના રોજ ગુજરી ગયેલા છ.તેઓ ગુજરી જતા સદર દાવાવાળી જમીનો મીલતો અમો વાદીઓ ના સ્વતંત્ર પ્રત્યક્ષ કબજા ભોગવટામા નિરંતર આજ દીન સુઘી બીન રોકટોક ચાલી આવેલ છે.વઘુંમા વાદી જણાવે છે કે, વાદીઓની સગી માતા/દાદી રામકન્યા પિતાંબરદાસની માલીકી કબજા ભોગવટાની હોય અને તેઓનુ નામ રેવન્યુ રેકર્ડમા ચાલતુ હોય જેથી તેઓ પાસેથી તે જમીનો કચરાબેન તે રામકુષ્ણ સીતારામની ઘણીયાણી કે જેઓ જાતે ખેડુત ન હોય કે ખેડુતની દીકરી ન હોવા છતા ખોટી રીતના તે જમીનો ખરીદ કરેલ તેમ છતા તે વેચાણ અંગેની નોઘ રેવન્યુ રેકર્ડ મા ફેરફાર નોઘ નંબર'–૪૦૪, તા ૦૮/૦૩/૧૯૭૦ થી પાડવામા આવેલ પરંતુ કાયદામા ફરમાવેલી જોગવાઈ ઓ મુજબ ખેડુત વ્યકિત જ ખેતીની જમીન ખરીદ કરી શકે બીન ખેડુ ખેતીની જમીન ખરીદ કરી શકે નહી જેથી સદર દાવાવાળી જમીનો ખરીદ કરનાર કચરાબેન તે રામકુષ્ણ સીતારામની ઘણીયાણીએ જયારે જમીનો ખરીદ કરી ત્યારે તેઓ જાતે ખેડુત હતા જ નહી કે ખેડુત પુત્રી હતાજ નહી

તેમ છતા તેઓએ ખોટા પુરાવાઓ ઉભા કરી પોતે ખેડુત છે તેમ દર્શાવેલ અને તેવી ખોટી હકીકતો જણાવી વેચાણની ફેરફાર નોંધ નંબર–૪૦૪ તા ૦૮/૦૩/૧૯૭૦ ના રોજ નોધ તા ૧૩/૦૫/૧૯૭૦ ના રોજ પ્રમાણિત કરાવેલ છે અને તે નોધ ના આધારે દાવાવાળી જમીનોના રેવન્યુ રેકર્ડ મા તેમનુ નામ દાખલ થયેલ છે કચરાબેન તે રામકુષ્ણ સીતરામની ધણીયાણી તા ૧૬/૦૪/૨૦૦૨ ના રોજ ગુજરી ગયેલા છે. વધુમા વાદી દવારા જણાવેલ છે કે, અમો વાદીઓની દાદી/પરદાદી બાઈ આશા મુરલીધરની વિધવા હતા અને તેઓ અવસાન પામતા તે જમીનોના માલીક અને કબજેદાર અમો વાદીઓની સગી માતા/દાદી રામન્યા પિતાંબરદાર બનેલા હતા અને સને ૧૯૮૬ મા અમો વાદીઓના માતા/દાદી ગુજરી જતા, સદર દાવાવાળી જમીનો અમો વાદીઓના પ્રત્યક્ષ કબજા ભોગવટા મા આવેલ છે અને તેનો વાપર ઉપભોગ અમો વાદીઓ કરીએ છીએ અને દર વર્ષે ખેડીએ છીએ અને ખેતી કરી તેની ઉપજ અમો વાદીઓ લઈએ છીએ અને હાલમા અમો વાદીઓએ સદર દાવાવાળી જમીનોમા નીલગીરીનો વાવેતર કરેલ છે. સદર દાવાવાળી જમીનોમા સરકારી વેરા, મહેસુલ વેરા,વગેરે અમો વાદીઓ ભરીએ છીએ. સદર દાવાવાળી જમીનો ૫૫ વર્ષ ઉપરાંત થી કચરાબેન તે રામકુષ્ણ સીતારામની ધણીયાણી તથા તેઓના વારસદારો એટલે કે પ્રતિવાદીઓની જાણ માહીતી સમંતિની બીનરોકટોક નિરંતર સતત ૫૫ વર્ષેથી અમો વાદીઓના વડવાઓના તથા અમારા કબજા ભોગવટામા ચાલી આવેલી છે.

આમ વાદીની દાદા અરજી ધ્યાને લેતા વાદી ની દાદ મુજબ વાદી ૫૫ વર્ષેથી દાવાાવાળી જમીન મા કબજો ભોગવટો ધરાવે છે અને પ્રતિવાદીઓ ખેડુત ન હોવા છતા ખેતીની જમીન ખરીદેલ છે આથી સદર વેચાણ ગેરકાયદેસરનો છે અને દાવાવાળી જમીન મા વાદીઓનો કબજો ભોગવટો આવેલ છે. વાદી દવારા તેઓની દાવા અરજી ના સમર્થન મા નિ–૩/૧ થી દાવાવાળી જમીન નો ગામ નમુનો નંબર–૮(અ) (જમીન ની ખાતાવહી) રજુ કરેલ છે જેમા કબજેદાર ના કોલમમા હાલના પ્રતિવાદીઓના નામ જણાઈ આવે છે. નિ–૩/૨ થી દાવાવાળી જમીન નો ગામ નમુના નંબર–૭ નો ઉતારો રજુ કરેલ છે જેમા કબજેદાર ના કોલમમા પ્રતિવાદીઓ ના નામ જણાઈ આવે છે. નિ–૩/૩

થી દાવાવાળી જમીન નો ગામ નમુના નંબર–૭ નો ઉતારો રજુ કરેલ છે જેમા કબજેદાર ના કોલમમા પ્રતિવાદીઓ ના નામ જણાઈ આવે છે.નિ–૩/૪ થી દાવાવાળી જમીન નો ગામ નમુના નંબર–૭ નો ઉતારો રજુ કરેલ છે જેમા કબજેદાર ના કોલમમા પ્રતિવાદીઓ ના નામ જણાઈ આવે છે. નિ–૩/૫ થી દાવાવાળી જમીન નો ગામ નમુના નંબર–૭ નો ઉતારો રજુ કરેલ છે જેમા કબજેદાર ના કોલમમા પ્રતિવાદીઓ ના નામ જણાઈ આવે છે.નિ–૩/૬ થી નોધ નંબર–૧૫૦ રજુ કરેલ છે જે વારસાઈ હકક ની નોધ છે અને તેમા જણાવેલ છે કે ***વારસાઈ ધારણ કરનાર રામકન્યા પિતાબંરભાઈ નો તા ૧૭/૧૧/૧૯૫૬ ના રોજ મરણ જવાથી તેમના દીકરાની વહુ નો નામ વારસાઈ તા ૨૦/૧/૧૯૫૭ ના રોજ પંચનામા થી નોધ કરેલ છે.*** નિ–૩/૭ થી નોધ નંબર–૪૦૪ છે જે વેચાણ નોધ છે.આમ વાદી ના મત મુજબ દાવાવાળી જમીન ખેતી લાયક હતી અને પ્રતિવાદીઓ ખેડુત ન હોવા છતા તેઓએ જાણીજોઈ ખોટા દસ્તાવેજો ના આધારે દાવાવાળી જમીન ખરીદ કરેલ છે, પરંતુ ૫૫ વર્ષેથી વાદીઓ દાવાવાળી જમીન પર રહે છે અને ખેતી કરે છે અને ખેતી કરી ઉપજ મેળવે છે. આમ વાદી દાવાાવળી મીલકતમા કબજો ભોગવટો ધરાવે છે કે કેમ તે પુરાવો લીધા સિવાય કહી શકાય નહી. તે એક પુરાવા નો વિષય છે. વધુમા પ્રતિવાદીઓ એ તેઓની અરજીના સમર્થન મા PRAVIBHAI THAKARSIBHAI JIKADRA VS LAXMIBEN REMESHBHAI PATEL ANS ORS. નો ચુકાદો રજુ કરેલ છે જે નામદાર કોર્ટે દવારા ઘ્યાન પુર્વક વંચાણે લીધેલ છે સદર ચુકાદામા પેરા નંબર–૬.૧૨ મા જણાવેલ છે કે, The court held that a plaintiff cannot challenge a registered sale deed solely on the grounds that the sale consideration (payment) was not received. Since the sale deed did not state that the transfer of title was contingent upon the payment, the title passed to the defendant upon the execution of the deed. પરંતુ હાથ પરના કેસમા વાદી દવારા એવી દલીલ કરેલ છે કે તેઓ દાવાવાળી મીલકત મા ૫૫ વર્ષેથી કબજો ભોગવટો ધરાવે છે આથી એડવર્સ પઝેશન થી તેઓ માલીક છે આથી સદર ચુકાદા મા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો તથા હાથ પર ના કેસની હકીકતો જુદી જુદી હોય પ્રતિવાદીઓને મદદરૂપ થાય તેમ નથી. વધુમા પ્રતિવાદી

દવારા C.S.RAMASWAMY Vs V.K.SENTHIL AND OTHERS ના ચુકાદામા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ધ્યાને લેતા તેમા નામદાર કોર્ટ દવારા જણાવેલ છે કે**,**

- **Barred by Limitation**: The plaintiffs had challenged registered sale deeds executed in 2005 only in 2015/2016. The Court found that the suits were filed more than **10 years** after the execution, well beyond the prescribed three-year limitation period.
- **"Clever Drafting" of Plaints**: The Court held that plaintiffs cannot circumvent the law of limitation through "clever drafting" to create an illusion of a cause of action.
- **Vague Allegations of Fraud**: Merely using the word "fraud" without providing specific details (date, manner, and discovery) is insufficient to invoke **Section 17 of the Limitation Act**, which otherwise allows for the limitation period to start only after a fraud is discovered.
- **Knowledge of Deeds**: Evidence showed that some of the plaintiffs were parties to an earlier 2006 lawsuit regarding the same deeds, which was dismissed in 2014. This contradicted their claim that they only discovered the "fraud" in 2015

પરંતુ હાથ પરના કેસમા વાદી દવારા એવી દલીલ કરેલ છે કે તેઓ દાવાવાળી મીલકત મા ૫૫ વર્ષેથી કબજો ભોગવટો ધરાવે છે આથી એડવર્સ પઝેશન થી તેઓ માલીક છે આથી સદર ચુકાદા મા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો તથા હાથ પર ના કેસની હકીકતો જુદી જુદી હોય પ્રતિવાદીઓને મદદરૂપ થાય તેમ નથી.વધુમા પ્રતિવાદી દવારા **K.AKBAR ALI Vs K.UMAR KHAN** ના ચુકાદામા પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતો તથા હાથ પર ના કેસમા ની હકકીતો જુદી જુદી હોય પ્રતિવાદીને મદદરૂપ નીવળેલ નથી. વધુમા નામદાર કોર્ટ દવારા નામદાર હાઈકોર્ટ અને સુપ્રિમકોર્ટ ના કેટલા ચુકાદા ધ્યાને લેતા જેમ કે**, (એ) સુરજીતકોર ગીરી વિરૂધ્ધ આદેશ કોર ગીરી,** સીવીલ અપીલ નં–૮૨૨૧/૨૦૧૧ મા નામદાર સુપ્રિમ કોટે જણાવેલ છે કે લીમીટેશન નો મુદો એ મિકસ કવેશ્ચન ઓફ લો અને ફેકટ છે અને લીમીટેશન નો મુદો એ પુરાવો લીધા સિવાય નિર્ણય થઈ શકે નહી**, (બી) હિમાંશુ મદનલાલ શાહ વિરૂધ્ધ ડો.બી.એમ.પુજારી, જી.એલ.એચ.૨૦૦૫(૩) પેજ નંબર ૩૮૫** પણ નામદાર ઉચ્ચ

અદાલતે એવુ ઠરાવેલ છે કે, લીમીટેશન નો મુદો પુરાવા લીધી સિવાય નિર્ણય થઈ શકે નહી.**(સી) સી.એન.નટરાજન વિરૂધ્ધ અશીમબાઈ,એસ.સી.સી.૨૦૦૭ સી.જે (એસ.સી.)૧૮૫ મા પણ** નામદાર સુપ્રિમ કોર્ટે એવુ ઠરાવેલ છે કે લીમીટેશન નો મુદા નો પુરાવા લીધા સિવાય નિર્ણય કરી શકાય નહી.આમ સદર ચુકાદાઓમા પ્રસ્થાપિત થયેલ સિધ્ધાંતો ને ધ્યાને લેતા તથા ઉપરોકત સંજોગોને ધ્યાને લેતા ન્યાય ના હીતમા નીચે મુજબનો હુકમ કરવામા આવે છે.

**–::–હુકમ–::–**

પ્રતિવાદી ની સી.પી.સી. ની ઓર્ડર ૭ રૂલ ૧૧ ની અરજી આથી નામંજુર કરવાનો હુકમ કરવામા આવે છે.

ખર્ચ અંગે કોઈ હુકમ કરવામા આવતો નથી.

**હુકમ આજ રોજ તા ૩૦ મી માહે, સને માર્ચ, ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમા વાંચી,સંભળાવી જાહેર કર્યો**

**તા ૩૦/૦૩/૨૦૨૬** **(આદીલનવાજ.મો.શફી.સોની)**

**વાલીયા** **પ્રિન્સીપાલ સિવીલ જજ અને જયુડીશીયલ મેજીસ્ટ્રેટ**

**વાલીયા**